---

**શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ–સી.ગુ.ર.નં: ૧૧૧૯૧૦૪૧૨૫૦૧૨૨ / ૨૦૨૫, ધી પ્રોહી એકટ કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે આરોપી આકાશ ઉર્ફે કકકન સ/ઓ મનોજસીંગ અમરસીંગ ચૌહાણ નાઓની જામીન અરજી લગત હુકમ.**

---

(૧) જામીન અરજી વંચાણે લીધી. આરોપીના વકીલશ્રીને સાંભળ્યા. આરોપીના વિ.વકીલશ્રી એ તેમની દલીલમાં રજુઆત કરેલ છે કે, આરોપી નિર્દોષ માણસ છે ખોટી રીતે અટક કરેલ છે તેમજ હાલના આરોપી પાસેથી દારૂ કબ્જે લીધેલ નથી તેમજ આરોપીની બેન બીમાર હોય તેમજ આરોપી સ્થાનિક રહેવાસી છે તેમજ આરોપી તપાસમાં સાથ સહકાર આપવાની ખાતરી આપે છે અને આરોપી પુરતો સમય કસ્ટડીમાં રાખેલ હોય તેમજ સહ આરોપીને અગાઉ જામીન ઉપર મુકત કરેલ હોય જેથી સદર આરોપીને શરતોને આધિન જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૨) વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તેમજ વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં આરોપી પાસેથી વગર પરમીટે ભારતીય બનાવટની વિદેશીદારૂની ૧૮૦ એમ.એલ. ની બોટલ નંગ–૮૭ જેની કુલ કિં. રૂા.૮૭૦૦/– ની મત્તાનો વિદેશીદારૂ મળી આવેલ હોઈ સદર મુદ્દામાલનો જથ્થો ધ્યાને લેતા સદર આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) સદર કામે ઉભયપક્ષકારોની દલીલો સાંભળી રેકર્ડ વંચાણે લીધુ તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપી સામે આક્ષેપાયેલ ઉપરોકત ગુનાનો પ્રકાર, પ્રમાણ તથા સંભવિત સજાની જોગવાઈ તેમજ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે લક્ષમાં લેવા પડતાં જરૂરી તમામ પાસાઓ ધ્યાને લીધા. સદર કામે આરોપી પાસેથી વગર વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશીદારૂની ૧૮૦ એમ.એલ. ની બોટલ

નંગ–૮૭ જેની કુલ કિં. રૂા.૮૭૦૦/– ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો મળી આવેલ છે. જે મળી આવેલ દારૂનો જથ્થો ધ્યાને લેતા તેમજ સદર કામે આરોપીને જામીન પર મુકત કરવાની અત્રેની અદાલતને સત્તા હોઈ તેમજ સહ આરોપી અગાઉ જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય જે ધ્યાને લેતા બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૦(૩) ની જોગવાઈ ધ્યાને લેતાં જે કિસ્સામાં આરોપી પર આક્ષેપીત ગુનાની પ્રમાણ થનાર સંભવિત સજાની જોગવાઈ સાત વર્ષ કે તેથી વધુ હોય તેવા કિસ્સામાં જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરજીયાતપણે ના.અદાલતે શરતો લાદવાની રહેશે, તે જોગવાઈને ઉપરોકત કાયદાકીય જોગવાઈ તથા મળી આવેલ મુદ્દામાલનો જથ્થો ધ્યાનમાં રાખી તેમજ આરોપી સામેના ગુનાના આક્ષેપો, પ્રમાણ થનાર સંભવિત સજાની જોગવાઈ ધ્યાનમાં રાખી યોગ્ય શરતો સાથે જામીન મુકત કરવાનું વ્યાજબી જણાતું હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

– સદર કામે આરોપીને રૂા.**૧૦,૦૦૦/–** (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનો જાત– મુચરકો આપેથી હાલના ગુનામાં નીચેની શરતોએ જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો ::–**

૧). આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા કે સાહેદો સાથે ચેડાં કરવા નહી કે સાહેદોને ફોડવાનો કોઈ પ્રયત્ન કરવો નહી.

૨). આરોપીએ હવેપછી કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિ કરવી નહી.

૩). આરોપીએ તપાસમાં સહકાર આપવો.

૪). આરોપીએ તથા જામીનદારે પોતાના હાલના સરનામા અત્રેની કોર્ટને તથા સંબંધીત પો.સ્ટેશનને પુરસીસથી જાહેર કરવા અને તે સરનામામાં ફેરફાર થાય તો તેની

અત્રેની કોર્ટને જાણ કરવી.

૫). આરોપીએ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવું. આરોપી કોઈપણ શરતનો ભંગ કરશે તો આરોપીના જામીન આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૯/૦૪/૨૦૨૫.
અમદાવાદ શહેર.

**ઈ/ચા.** ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં:૦૩, અમદાવાદ શહેર.